જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૦૯/૨૦૧૬ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૫૨/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી ૨૩૮ લીટર દેશી દારૂ, ૮૧૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૪ ક્વાર્ટર ઇગ્લીશ દારૂ, ૧૧૩૮ બિયર ટીન, ૧ મોટર સાયકલ અને ૧ ટ્રક કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૨૪ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૩૦,૫૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૫૩/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૯ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણ :-** **સમાચાર યાદી નં.૧૬૫૪/૧૬**

સરખેજ : લક્ષ્મીબેન વા/ઓ ચમનભાઈ લાલજીભાઈ પરમાર (રહે, રોહીતવાસ સરખેજ ગામ) એ તા.૯/૯/૧૬ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૭/૯/૧૬ બપોરના ૧/૦૦ થી સાંજનાં ૭/૩૦ વાગ્યા દરમ્યાન ઘર નજીકથી પોતાની પુત્રી સોનલ (ઉ.વ.૧૭) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.એન.સોલંકી ચલાવે છે.

મેઘાણીનગર : આશાબેન વા/ઓ રાજેશભાઇ મનસુખભાઇ નાડીયા (રહે,ચામુંડાનગર વિભાગ-૨ લીમડા બસ સ્ટેંડ પાસે, મેઘાણીનગર) એ તા.૯/૯/૧૬ નારોજ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૭/૧૬ બપોરના ૨/૦૦ થી ૨/૩૦ વાગ્યા દરમ્યાન ઘર નજીકથી આરોપી અક્ષય ઉર્ફે મુન્નો અંબાલાલ નાડીયા (રહે,શ્રી શક્તિનગર લાઇન-૧, પ્રેમનગરની બાજુમા, મેમ્કો) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે પોતાની પુત્રી આરતી ઉર્ફે તન્નુ (ઉ.વ.૧૬) ને ભગાડી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડિ.એસ.પુનડીયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૫૫/૧૬</u>**

**ગુજરાત યુનિવર્સીટી : બાબુભાઇ મકાભાઇ ચૌહાણ** (રહે.શાંતીનાથ એપાર્ટમેન્ટ, એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડની સામે, વેજલપુર) એ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૮/૯/૧૬ રાતનાં ૮/૧૫ થી તા.૯/૯/૧૬ સવારનાં ૧૦/૦૦ વાગ્યા સુધીનાં સમયગાળા દરમ્યાન નવરંગપુરા ગુલબાઇ ટેકરા પાસપોર્ટ ઓફીસ પાછળ ઉષાદિપ સોસાયટી ખાતે આવેલ મકાનના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સી.સી.ટી.વી.રેકોડીંગ સીસ્ટમ કિંમત રૂપિયા ૩૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.જે.ચૌહાણ ચલાવે છે.

**<u>સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૫૬/૧૬</u>**

**નરોડા : સ્મીતાબેન વા/ઓ જીલુભાઇ પટેલ (રહે.ઉર્વી ટેનામેન્ટ, બંગલા બસ સ્ટેન્ડ પાછળ, નરોડા બેઠક નરોડા)** તા.૯/૯/૧૬ બપોરના ૧૨/૪૫ વાગ્યાના સુમારે **નરોડા બેઠકથી નરોડાપાટીયા આગમ સીટી સેન્ટર સુધી રોડ ઉપર** ચાલતાં પસાર થઈ રહ્યા હતા ત્યારે એક ઓટોરીક્ષામાં આવેલ અજાણ્યા પુરૂષે સ્મીતાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ સ્મીતાબહેન પટેલે નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી **એમ.એચ.યાદવ** ચલાવે છે.

**<u>ટ્રેઇનની અડફેટે આવી જતાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૫૭/૧૬</u>**

**ચાંદખેડા : રણજીત અમરતજી ઠાકોર (ઉ.વ.૨૮) (રહે,ઠાકોરવાસ ત્રાગડ ગામ સાબરમતી)** તા.૮/૯/૧૬ બપોરના ૨/૩૦ વાગ્યાનાં સુમારે **ચાંદખેડા રેલ્વે સ્ટેશન પાસે રેલ્વે ટ્રેક પરથી પસાર થતાં હતા દરમ્યાન અચાનક ટ્રેન આવી જતા, અથડાઇ જતાં શરીરે ગંભીર ઈજાઓ થતાં સારવાર અર્થે તેમને સીવીલ હોસ્પીટલ દાખલ કરેલ હતા. જ્યાં સારવાર દરમ્યાન રાતનાં ૮/૩૦ વાગે રણજીતનું મૃત્યુ નિપજ્યુ હતુ.** આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી **મહેન્દ્રભાઈ ભગવાનરાવ** ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૫૮/૧૬</u>**

**શહેરકોટડા : શંકરભાઇ નથ્થુભાઇ પ્રજાપતિ** (ઉ.વ.૪૬) (રહે.શક્તિનગર, લાઇન નંબર-૩ પ્રેમનગર મેમ્કો) નશો કરવાની ટેવ વાળા હોઇ, ઘરનાં સભ્યોએ ઠપકો આપતાં તા.૯/૯/૧૬ ના કલાક ૩/૪૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઇ અળખાજી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**નીકોલ : રાજેશભાઇ શાંતિલાલ અગેરા (ઉ.વ.૪૨)(રહે.અમરનાથ સોસાયટી, ચિનુભાઇ નગર બસ સ્ટેંન્ડ પાસે, સિંગરવા, નિકોલ) માનશીક રીતે અસ્થીર હોઇ તેમજ બેકારીનાં કારણે મનમાં લાગી આવતાં** તા.૮/૯/૧૬ રાતના ૯/૦૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે પોતાના ઘરે **છતની એંગલમાં કપડાની દોરી બાંધી, ગળેફાસો ખાઈ** આત્મહત્યા કરી હતી. આ અંગે નીકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી **રામસિંહ મોતિસિંહ** ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)